# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કચેરી ખાતે વિદ્યાર્થી સેવા કેન્દ્ર કાર્યરત છે. વિદ્યાર્થી સેવા કેન્દ્ર ખાતે ડુપ્લીકેટ ગુણપત્રક/પ્રમાણપત્ર, માઈગ્રેશન સર્ટીફીકેટ, માર્કશીટ ખરાઈ અને સમકક્ષતા પ્રમાણપત્ર આપવામાં આવે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ ઉત્તિર્ણ થયેલ ઉમેદવારો ધોરણ-૧૦ પછી રાજ્યની પોલીટેકનીક ખાતે ડિપ્લોમા કરેલ હોય કે ધોરણ-૧૦ પછીના I.T.I. માં માન્ય કોર્ષમાં અભ્યાસક્રમ કરેલ હોય તેમજ બોર્ડની ધોરણ-૧૨ ની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારોને તેઓએ કરેલ ડિપ્લોમાનો કે I.T.I. નો અભ્યાસક્રમ અન્વયે ધો-૧૨ સમકક્ષ છે તેવું સમકક્ષતા પ્રમાણપત્ર રાજ્ય સરકારની જોગવાઈ અનુસાર બોર્ડ દ્વારા આપવામાં આવે છે.

આવી પાત્રતા ધરાવતા અરજદારોએ તા.૨૮/૦૧/૨૦૨૨ થી તા.૦૭/૦૨/૨૦૨૨ સુધી સમકક્ષતા મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરેલ છે. બોર્ડને કુલ ૨૨૮૪ અરજદારોની અરજીઓ મળેલ છે, તે તમામ ૨૨૮૪ અરજદારોને ધોરણ-૧૨ સમકક્ષતા પ્રમાણપત્ર સ્પીડ-પોસ્ટ દ્વારા અરજદારોએ અરજીમાં દર્શાવેલ સરનામા ઉપર રવાના કરવામાં આવેલ છે. અરજદારોએ ઓનલાઈન અરજીમાં જે રજીસ્ટર્ડ મોબાઈલ નંબર આપેલ છે તે મોબાઈલ નંબર ઉપર બોર્ડ દ્વારા એસ.એમ.એસ. (SMS) કરી સાથે ટ્રેકીંગ આઈડી પાઠવેલ છે, જેનો ઉપયોગ કરી અરજદાર ૨૪ કલાક પછી પોતાની ટપાલ ટ્રેક કરી માહિતી મેળવી શકશે. જેની સંબંધિત અરજદારોએ નોંધ લેવી.

તારીખ : ૦૮/૦૨/૨૦૨૨

સ્થળ: ગાંધીનગર

(ડી. એસ. પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.